Monday
30.10.2023
✳Volume :8 ✳ Issue No.96
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

પ્રધાનમંત્રી ૩૦-૩૧ ઓક્ટોબરનાં રોજ ગુજરાતની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી મહેસાણામાં આશરે રૂ. ૫૮૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે

પ્રધાનમંત્રી કેવડિયામાં અનેકવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે

પ્રધાનમંત્રી આરંભ ૫.૦ના અંતે ૯૮મા કોમન ફાઉન્ડેશન કોર્સના તાલીમાર્થી અધિકારીઓને સંબોધન કરશે

- પ્રધાનમંત્રી અંબાજી મંદિરમાં પૂજા અને દર્શન કરશે
- પ્રધાનમંત્રી કેવડિયામાં રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમમાં ભાગ લેશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩૦-૩૧ ઓક્ટોબરના રોજ ગુજરાતની મુલાકાત લેશે. ૩૦ ઓક્ટોબરે સવારે ૧૦:૩૦ વાગ્યે અંબાજી મંદિરમાં પૂજા અને દર્શન કરશે. ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યાની આસપાસ મહેસાણામાં વિવિધ વિકાસ કાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. ૩૧મી ઓક્ટોબરે સવારે ૮ વાગ્યાની આસપાસ તેઓ કેવડિયાની મુલાકાત લેશે જ્યાં તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પુષ્પાંજલિ અર્પણ કરશે, જે બાદ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થશે. તેઓ અનેક પરિયોજનાઓનો શિલાન્યાસ અને ઉદઘાટન પણ કરશે. ત્યારબાદ સવારે ૧૧:૧૫ વાગ્યે તેઓ આરંભ ૫.૦માં ૯૮માં કોમન ફાઉન્ડેશન કોર્સના તાલીમાર્થી અધિકારીઓને સંબોધન કરશે.

મહેસાણામાં પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી રેલવે, માર્ગ, પીવાનું પાણી અને સિંચાઈ જેવા વિવિધ ક્ષેત્રોમાં આશરે રૂ. ૫૮૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ ક્ષેત્રોમાં આશરે રૂ. ૫૮૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધપ્રોજેક્ટનું ઉદઘાટન કરશે, રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલારોપણ કરશે. જે પરિયોજનાઓનું લોકાર્પણ અને લોકાર્પણ કરવામાં આવશે તેમાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ડબલ્યુડીએફસી)નો ન્યૂ ભાંડુ-ન્યૂ સાણંદ (એન) સેક્શન સામેલ છે. વિરમગામ - સામખિયાળી રેલવે લાઈનનું ડબલિંગ; કાટોસન રોડ-બેચરાજી– મારુતિસુઝુકીઈન્ડિયા લિમિટેડ (એમએસઆઈએલ સાઈડિંગ) રેલપરિયોજના વિજાપુર તાલુકા અને મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વિવિધ ગ્રામ્ય તળાવોના રિચાર્જ માટેનોપ્રોજેક્ટ; મહેસાણા જિલ્લામાં સાબરમતી નદી પર વાલાસણા બેરેજ; બનાસકાંઠાના પાલનપુરમાં પીવાના પાણીની વ્યવસ્થા માટેની બે યોજનાઓ; અનેધરોઈ ડેમઆધારિત પાલનપુર જીવાદોરી યોજના - હેડ વર્ક (એચડબલ્યુ) અને ૮૦ એમએલડી ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જે યોજનાઓનો શિલાન્યાસ કરશે, તેમાં મહીસાગર જિલ્લાનાં સંતરામપુર તાલુકામાં સિંચાઈની સુવિધાપ્રદાન કરવામાટેનો પ્રોજેક્ટ સામેલ છે. નરોડા – દેહગામ-હરસોલ – ધનસુરા રોડ, સાબરકાંઠાને પહોળો કરવો અને તેને મજબૂતબનાવવો. ગાંધીનગર જિલ્લામાં કલોલ નગરપાલિકા સુએઝઅને સેપ્ટેજ મેનેજમેન્ટ માટે પ્રોજેક્ટ; અને સિદ્ધપુર (પાટણ), પાલનપુર (બનાસકાંઠા), બાયડ (અરવલ્લી) અને વડનગર (મહેસાણા)માં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેનાપ્રોજેક્ટોનોસમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી કેવડીયામાં

દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષાની જાળવણી અને મજબૂતકરવાની ભાવનાનેવધુવેગ મળેતેહેતુથીસરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય વડાપ્રધાનના નેતૃત્વમાં લેવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી ૩૧ ઓક્ટોબરનાં રોજ રાષ્ટ્રીય એકતાદિવસનાં કાર્યક્રમમાં સહભાગી થશે અને સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણકરશે. તેઓરાષ્ટ્રીય એકતા દિવસની પરેડના સાક્ષી બનશે, જેમાં બીએસએફ અને વિવિધ રાજ્ય પોલીસની કૂચ ટુકડીઓ સામેલહશે. આખાસ આકર્ષણોમાં તમામ મહિલા સીઆરપીએફ બાઈકર્સ દ્વારા ડેરડેવિલ શો, બીએસએફની મહિલાપાઈપ બેન્ડ, ગુજરાત મહિલા પોલીસ દ્વારા કોરિયોગ્રાફી પ્રોગ્રામ, ખાસ એનસીસીશો, સ્કૂલબેન્ડ્સ ડિસ્પ્લે, ઈન્ડિયન એરફોર્સ દ્વારા ફ્લાય પાસ્ટ, વાઈબ્રન્ટ ગામોની આર્થિક સદ્ધરતાનું પ્રદર્શનવગેરેનો સમાવેશ થાય છે. કેવડિયામાં વડાપ્રધાન ૧૬૦ કરોડ રૂપિયાની અનેક વિકાસપરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. જે પરિયોજનાઓનુંઉદઘાટન કરવામાં આવશે તેમાં એકતા નગરથી અમદાવાદ સુધીની હેરિટેજ ટ્રેન સામેલ છે. નર્મદા આરતી માટેનો પ્રોજેક્ટ લાઈવ; કમલમ પાર્ક; સ્ટેચ્યુ ઓફયુનિટીની અંદર એક વોક-વે; ૩૦ નવી ઈ-બસ, ૨૧૦ ઈ-સાઈકલ અને મલ્ટીપલગોલ્ફ કાર્ટ; એકતા નગર ખાતે સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક અને ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ બેંકના 'સહકાર ભવન'. ઉપરાંત પ્રધાનમંત્રી કેવડિયા ખાતે ટ્રોમા સેન્ટર સાથેની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને સોલાર પેનલનું ભૂમિપૂજન પણ કરશે. પ્રધાનમંત્રીઆરંભ ૫.૦ના અંતે ૯૮મા કોમન ફાઉન્ડેશન કોર્સના તાલીમાર્થી અધિકારીઓને સંબોધન કરશે 'વિક્ષેપની શક્તિનો ઉપયોગ કરવો'ની થીમ પર આરંભની ૫મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. તે વર્તમાન અને ભવિષ્યને ફરીથી આકાર આપવાનું ચાલુ રાખતા અવરોધોને રેખાંકિત કરવાનો અને સર્વસમાવેશક વિકાસ માટે શાસનના ક્ષેત્રમાં વિક્ષેપની શક્તિનો ઉપયોગ કરવા માટેના માર્ગોને વ્યાખ્યાયિત કરવાનો એક પ્રયાસછે. 'મૈં નહીં હમ'થીમ સાથે ૯૮મા કોમન ફાઉન્ડેશન કોર્સમાં ભારતની ૧૬ સિવિલ સર્વિસીસ અને ભૂતાનની ૩ સિવિલ સર્વિસીસના ૫૬૦ ઓફિસર તાલીમાર્થીઓ છે.

કમલમ્ ન્યુઝ,

અલકાપુરી સોસાયટી ખાતે માણસા વિધાન ધારાસભ્ય શ્રી જે એસ પટેલે મહામંત્રી શ્રી ના ઘરે મન કી બાત નો કાર્યક્રમ નિહાળ્યો હતો આ કાર્યક્રમમાં ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતના સાંસ્કૃતિક યોદ્ધાઓને પુરસ્કાર એનાયત

મુખ્યમંત્રીશ્રીના હસ્તે સંસ્કૃતિ, સદાચાર અને સામાજિક મૂલ્યો માટે યોગદાન આપનાર વિવિધ ક્ષેત્રના ૮ વ્યક્તિવિશેષને એવોર્ડ અપાયા

કેન્દ્રીય માહિતી કમિશનર અને જાણીતા લેખક, ઇતિહાસવિદ અને સેવ કલ્ચર ફાઉન્ડેશનના સંસ્થાપક શ્રી ઉદય માહુરકરની પ્રોત્સાહક ઉપસ્થિતિ

સામાજિક દૂષણ સામેની લડાઈ માત્ર સરકારની નહીં પરંતુ સમગ્ર સમાજની- ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

- રામમંદિરનું નિર્માણ, પ્રાચીન મૂર્તિઓને દેશમાં પરત લાવવી, નવી શિક્ષણ નીતિમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણને મહત્વ આપવા સહિતના શ્રી નરેન્દ્રભાઇના કાર્યોથી આમૂલ પરિવર્તનો
- શ્રી નરેન્દ્રભાઈએ રાજનીતિ અને રાજનેતાઓ પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલ્યો
- સરકારે તમામ ક્ષેત્રે કરેલા વિકાસલક્ષી પરિવર્તનોના પરિણામે છેવાડાના માનવી સુધી આરોગ્ય અને શિક્ષણ જેવી માળખાગત સુવિધાઓ પહોંચી

કમલમ્ ન્યુઝ,

ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સમારોહ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં રામમંદિરનું નિર્માણ, ૨૩૧ પ્રાચીન મૂર્તિઓને ભારત પરત લાવવી અને નવી શિક્ષણ નીતિમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણને મહત્વ આપવાની દરખાસ્ત સહિતના પ્રયત્નો થકી શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે આમૂલપરિવર્તનો આવ્યા છે. ત્યારેસંસ્કાર, સંસ્કૃતિઅને શીલના રક્ષણ માટે કાર્યરત યોદ્ધાઓના સન્માન માટે તેમણે યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગતથા સેવ કલ્ચર ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા. યુવાઅને સાંસ્કૃતિક વિકાસ વિભાગ અને સેવ કલ્ચર ફાઉન્ડેશન દ્વારાઆયોજિત ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કુલ ૮ વ્યક્તિ વિશેષને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભારતીય સંસ્કૃતિના રક્ષક અને સંવર્ધક ગણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, શ્રી નરેન્દ્રભાઈએ રાજનીતિ અને રાજનેતાઓ પ્રત્યે લોકોનોદ્રષ્ટિકોણ બદલ્યોછે. તેમણે જણાવ્યું કે, ગુનેગારોને સજા અને પ્રામાણિકને પ્રોત્સાહન આપવાની શ્રી નરેન્દ્રભાઈની નીતિ રહી છે. વડાપ્રધાનશ્રીની છેવાડાના માનવી સુધી વિકાસના પરિણામો પહોંચાડવાની કાર્યપદ્ધતિને નાગરિકોએ વધાવી છે. એમ તેમણે ઉમેર્યુ હતું. તાજેતરમાં થયેલા જીએસટીના વિક્રમી કલેક્શનનો ઉલ્લેખ કરી તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે તમામક્ષેત્રોમાં વિકાસલક્ષી વ્યાપક પરિવર્તનો કર્યા છે. જેના પરિણામે છેવાડાના માનવી સુધી આરોગ્ય અને શિક્ષણ જેવી માળખાગત સુવિધાઓ પહોંચી રહી છે. જેથી કોઈપણ વિકટ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પડખે હોવાનો અહેસાસ દેશવાસીઓ કરી રહ્યા છે. એમ તેમણે જણાવ્યું હતું. યુવાનોને સદમાર્ગે આગળ વધારવાના સરકારના પ્રયાસમાં સાંસ્કૃતિક યોદ્ધાઓનો સતત સહયોગ મળીરહ્યોછે. તેનો આનંદ વ્યક્ત કરીમુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શીલ, સંસ્કૃતિઅને સદાચારની રક્ષા કરનારને પ્રોત્સાહન આપવા માટેરાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સહુ નાગરિકોને પણ સાંસ્કૃતિક યોદ્ધા બનવાનું આહવાન કર્યું હતું. આજના અવસરે ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, વિશ્વને ભારતની અસ્મિતાની ઓળખ કરાવી દરેક ભારતીયમાં રાષ્ટ્રભાવના જગાવવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુંછે. સંયુક્ત કુટુંબઅને સમાજમાં એકતા એઆપણી સંસ્કૃતિછે. જેની જાળવણી માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં અસરકારક કામગીરી થઈ રહી છે. ડ્રગ્સ વિરોધી અભિયાનનો ઉલ્લેખકરી શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યુંકે, છેલ્લાબે વર્ષમાં રાજ્યના હજારોયુવાનોને ડ્રગ્સના વ્યસનમાંથી મુક્ત કરાવવાનું કામ રાજ્યના પોલીસ વિભાગે કર્યું છે. કાયદાની સાથે કાઉન્સેલિંગ થકી અનેક પરિવારોને વિખેરાતા બચાવાયા છે એમ તેમણેઉમેર્યુંહતું શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, સામાજિક દૂષણ સામેની લડાઈ માત્ર સરકારની નહીં પરંતુ સમગ્ર સમાજની છે. વાલીઓને અપીલ કરતાંતેમણે જણાવ્યુંકે, સંતાનોને ભૌતિક સુખ-સુવિધાઅને મોંઘીદાટ વસ્તુઓ આપવાની સાથે સંસ્કાર આપી પોતાની ફરજ પ્રત્યે સભાન બનાવવાપણ જરૂરીછે. સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારદ્વારા અન્ય લોકોને પણ સંસ્કાર અને સંસ્કૃતિના સંવર્ધનનીપ્રેરણા મળશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. આજના સમારોહમાં કેન્દ્રીય માહિતી કમિશનર શ્રી ઉદય માહુરકર, ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી બાબુસિંહ જાદવ, અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, જાણીતા આધ્યાત્મિક ગુરુ પરમાત્માનંદજી, યુવા અને સાંસ્કૃતિક વિકાસવિભાગના સચિવ શ્રીઅશ્વિની કુમાર, નાયબ સચિવ શ્રી કે.એસ.વસાવા સહિત આમંત્રીતો અને મોટી સંખ્યામાં સુજ્ઞનાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

રંગપુર મુકામે નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો

આદરણીય યશસ્વી ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ સાહેબ દ્વારા ડોક્ટરશ્રીઓની સેવાઓને બિરદાવી

ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું

ધારાસભ્ય શ્રી જે એસ પટેલ એ આરોગ્ય વિભાગના આયોજનને બિરદાવ્યું



કમલમ્ ન્યુઝ,

ધારાસભ્ય શ્રી જે એસ પટેલે રંગપુર મુકામે નિ:શુલ્ક મેડિકલ કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં વિવિધ ફેકલ્ટીના ડોક્ટરશ્રીઓએ સેવાઆપી હતી. વિશેષમાં માણસા મતવિસ્તારના આદરણીય યશસ્વી ધારાસભ્યશ્રીજે. એસ.પટેલ સાહેબ દ્વારા ડોક્ટરશ્રીઓની સેવાઓને બિરદાવી હતી . સમગ્ર આરોગ્યલક્ષી આયોજન માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને શુભકામનાઓ પાઠવી હતી. ધારાસભ્ય શ્રી જે એસ પટેલએ કહ્યું હતું કે, પ્રવર્તમાન જીવનશૈલીને જોતાઆરોગ્ય તપાસ જરુરી બની રહી છે. .આ પ્રસંગે તાલુકા પંચાયત, માણસાના ઉપપ્રમુખ આદરણીય શ્રી ગુરુભા રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં ખુબ મોટા પ્રમાણમાં દર્દીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે આદરણીય શ્રીજે. એસ. પટેલ સાહેબ દ્વારા આવનારા દિવસોમાં માણસાનો જે અદ્ભુત અને આકાશી વિકાસ થવાનો છે તેનો ચિતાર આપ્યો હતો.

અમદાવાદના વિરમગામ ખાતે તાલુકા કક્ષાનો મિલેટ મેળો અને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન

મિલેટ પાકો નિદર્શન, ડ્રોન ટેકનોલોજી, નેનો યુરિયા, પ્રાકૃતિક કૃષિ સહિતના વિષયો પર નિર્મિત ૧૩ સ્ટોલ્સ અને મિલેટ રંગોળીએ જગાવ્યું આકર્ષણ

કમલમ્ ન્યુઝ,
અમદાવાદના વિરમગામ નગરપાલિકા હોલ ખાતે તાલુકા કક્ષાનો મિલેટ મેળો તથા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યુંહતું. આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ નિમિત્તે ખેડૂતોને જાડા ધાનનું વાવેતર વધારવા તથા ભોજનમાં તેનો વપરાશ વધારવા માટે પ્રેરણા આપવામાંઆવી હતી. સાથોસાથ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ ઘટાડી ગાય આધારિતપ્રાકૃતિક ખેતી વિશે તેમનેસમજ આપવામાંઆવીહતી. આ તબક્કે કૃષિ પ્રદર્શની યોજાઈ હતી. જેમાં મિલેટપાકોનું નિદર્શન, ડ્રોન ટેકનોલોજી, નેનો યુરિયા, પ્રાકૃતિક કૃષિ, આઈ.સી.ડી.એસ વિભાગનો મિલેટ વાનગી સ્ટોલ, પ્રાકૃતિક કૃષિ, ખેત ઓજારો, ખેતીવાડી, આત્મા તથા બાગાયત વિભાગના એમ મળી કુલ ૧૩થી વધારે સ્ટોલ ઉભા કરાયા હતા. અહીં નિર્મિત મિલેટ રંગોળીએ ઉપસ્થિત લોકોમાંઅનેરું આકર્ષણ જગાવ્યું હતું. આજના કાર્યક્રમમાં

ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો ઉપરાંત મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા

વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલ, તાલુકા પંચાયત કારોબારી સમિતિ ચેરમેનશ્રી, જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, એપીએમસીનાચેરમેનશ્રી, વિવિધ ગામડાઓના સરપંચશ્રીઓ, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક શ્રીઓ, ખેતીવાડી તેમજ બાગાયત વિભાગના અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત સરકારનાં 'સ્વચ્છતા હી સેવા' થીમ હેઠળ શરૂ કરવામાં આવેલ ૬૦ દિવસ સફાઈ ઝુંબેશ કાર્યક્રમોનાં સ્વચ્છતાનાં અભિયાનમાં તારીખપ્રમાણે આપવામાં આવેલ શિડ્યુલપ્રમાણે તા. ૨૩થી ૨૯ ઓક્ટોબર, ૨૦૨૩ દરમ્યાન શહેરમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડીંગો, શાળા-કોલેજો, આંગણવાડીઓની સફાઈ અન્વયે ૨૮મીઓક્ટોબર, ૨૦૨૩ નાં રોજ શહેરનાં ૭ ઝોનમાંઆવેલા નીચે મુજબના વિવિધ લોકેશનોની સફાઈ હાથધરવામાં આવેલહતી. શહેરના પૂર્વ ઝોનમાંનારાયણી સ્કૂલ કઠવાડા, નિકોલ, પરુષોત્તમનગર,પ્રાથમીક શાળા, વિરાટનગર, ગુજરાતી શાળા નં-૩ ટોપી મીલ પાસે, ગોમતીપુર, મૈત્રીપાર્ક મ્યુનિ.સ્કુલ, અમરાઈવાડી, જલપરી પ્રાથમીક શાળા, વસ્ત્રાલ રાષ્ટ્રભારતી સ્કૂલ, ભાઈપૂરાસહિતના વિસ્તારોમાંપ૯૩ કલાકનુંશ્રમદાન કરીપ.૭ મેટ્રિક ટન કચેરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના પશ્ચિમ ઝોનમાં ગાયત્રીનગર-૭ આંગણવાડી, ચાંદખેડા શાળા નંબર ૫ જવાહર ચોક ગાયત્રીમાતાનુ મંદીર, રાણીપ હરિઓમ આંગણવાડી, શિવશક્તિ એપા.રોડ, આંગણવાડીકેન્દ્ર નંબર -૩, ડી.પી.એસ. સ્કૂલ ભીખાજીની ચાલીની પાસે, ન્યુ, સૌરાષ્ટ્ર સોસાયટી સામે શ્યામલ રોડ., સેપ્ટ યુનિવર્સિટિ, શાળા નં ૨૨ પાલડી, આંગણવાડી પી એન્ડ ટી કોલોની પાસે, વાસણા જેવાવિસ્તારોમાં ૧૧૭૨ કલાકનું શ્રમદાન કરી ૩૮.૭૩ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના ઉત્તર ઝોનમાં મ્યુ. ગુજરાતી શાળા ૧, ૨ નોબલનગર, સરદારનગર સારાનગર મ્યુ.ગુજરાતી શાળા એ વોર્ડ, નરોડા, ગુજરાતી શાળા નંબર ૧, પ્રિયા સિનેમાપાસે, કૃષ્ણનગર,સૈજપુરબોઘા., આદર્શપ્રા. શાળાભાર્ગવ રોડ, કુબેરનગર, મણીબા સ્શાકુલ રોડ, ઈડીયાકોલોની,શાળા ૧૩/૧૪પટેલ વાડીપાસે, ઠક્કરબાપાનગર, મ્યુ.શાળા ૧, ૨ રામજીમંદિર, બાપુનગર મ્યુનિસિપલશાળા નંબર ૯, સરસપુર જેવી જગ્યાઓએ ૧૬૦ કલાકનું શ્રમદાન કરી ૧.૦૧ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના દક્ષિણ ઝોનમાંપટેલ મેદાન મ્યુનિ.શાળા અનેઆંગણવાડી, બહેરામપુરા, બહુચરાજી માતામંદિર, ભૂલાભાઈ પાર્ક, દાણીલીમડા, કાંકરીયા અર્બન હેલ્થ સેન્ટર આંગણવાડી, મણિનગર, પંચદેવ મંદિર, અર્બુદનગર, ઈન્દ્રપુરી, રામકૃષ્ણ વિધાલય, ખોખરા, આંગણવાડી, સતાધાર સોસા. પાસે, ઈસનપુર, પીપળજ ગામ આંગણવાડી અને શાળા તથા લાંભા બલીયાદેવ મંદિર મ્યુનિ શાળા ૧,૨,૩,૪, વટવા તળાવ પાસે જેવી જગ્યાઓએ ૭૭૬ કલાકનું શ્રમદાન કરી ૨૩.૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.શહેરના મધ્ય ઝોનમાં મ્યુનિ. શાળા નં -૬, અસારવા ગામતળ, સંસ્કાર વિદ્યાલય રોડ, શાહીબાગ,ટ્યુટોરીયલ સ્કુલ, શાહપુર, આર.સી. ટેકનીકલ, દરિયાપુર, એસ.ટી. સ્ટેન્ડ, ગીતામંદિર, મહાજનના વંડાની આગણવાડી આસ્ટોડીયા ગાર્ડન, આગણવાડી, જમાલપુર સહિતના વિસ્તારોમાં ૨૦૭ કલાકનું શ્રમદાન કરી ૦.૬૪ ટન કચરાનોનિકાલ કરવામાંઆવ્યો હતો. શહેરના ઉત્તરપશ્ચિમ ઝોનમાં પલોડીયા ટેકરા થલતેજ શીલજ, શીવ વિધ્યાલય જેવા સ્થળોએ ૮૬૦ કલાકનું શ્રમદાન કરી ૧૨.૫ટન કચરાનોનિકાલ કરવામાંઆવ્યો હતો. શહેરના દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ઝાયડસ સ્કુલ, વેજલ પૂર, માધ્યમિક સ્કુલ , મકતમપુરા જેવા સ્થળોએ ૪૪૦ કલાકનું શ્રમદાન કરી ૩૨.૫ ટન કચરાનો નિકાલકરવામાં આવ્યોહતો. આ ઉપરાંત મિશન મોડ પર આજ રોજ નીચે મુજબથી જણાવેલ લોકેશનો પરથી લીગસી વેસ્ટ દૂર કરીતે જગ્યાને સ્વચ્છ કરવાનીસફાઈ ઝુંબેશપણ સ્થાનિકોઅને નાગરીકો તેમજ સેવાભાવી સંસ્થાઓની મદદ સાથેજરૂરી વાહનોઅને મશીનરીનો ઉપયોગ કરી હાથ ધરવામાં આવી હતી, જેમાં પૂર્વ ઝોનના એસ.પી. રીંગરોડથી ઈન્દોરા હાઈવે, ઓઢવ, જશોદાનગરે મેલડી માતા ઢાળ, રામોલ. પશ્ચિમ ઝોનમાં નવા બલિયા દેવ મંદિર રોડ, શુકન ઓર્ચિડ પાસે છસ્ઝ પ્લોટ, એઈસી બ્રીજની પાસે, ગાંધી આશ્રમ મ્યુનિસિપલ સ્કુલ, સ્વામિનારાયણ મંદિર વાસણા બેરેજ રોડ. દક્ષિણ ઝોનમાં અસલાલીથી કેનાલ રોડ-વટવા, સ્મૃતિ મંદિર, ઘોડાસર. ઉત્તર પશ્ચિમ ઝોનનાપલોડીયા ટેકરા થલતેજ શીલજ. દક્ષિણ પશ્ચિમ ઝોનના શાંતિપુરા સર્કલના રીંગરોડ, સરખેજ, જોધપુર ગામ જેવા સ્થળોએ લીગસી વેસ્ટ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાંઆવેલ આજનાં આ સફાઈ ઝુંબેશ કાર્યક્રમોમાં કુલ ૪૨૦૮કલાકનું શ્રમદાન કરવામાં આવ્યું હતું અને ૧૧૪.૫૮ મેટ્રીક ટન કચરાનું કલેક્શન કરીતે કચરાનો આખરી નિકાલકરવામાં આવ્યો હતો.

કચ્છના માંડવી તાલુકાના ભોજાય ગામે 'સંતૃપ્તિ પહેલ' અન્વયે રાત્રિસભા યોજાઈ

જિલ્લા કલેક્ટરશ્રીની સંતૃપ્તિ પહેલ અંતર્ગત કુલ ૨૮૩૧ લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભો આપવામાં આવ્યા

જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ રાત્રિસભામાં ગ્રામજનોના પ્રશ્નોને સાંભળ્યા

કમલમ્ન્યુઝ,ભુજ,
કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ભોજાય ગામે તા.૨૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને રાત્રિસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છ જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ તથા વિવિધ પદાધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ અગાઉના છેલ્લા૧૦(દસ) દિવસ દરમિયાન સંબંધિત લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓએ તેઓના વિભાગ હેઠળ આવતી સરકારશ્રીની વિવિધ વ્યક્તિગત યોજનાઓનો લાભ આપવાનો બાકી હોય તેવા લાભાર્થીઓના ફોર્મ/અરજીઓ મેળવી તેઓને લાભો/સહાય આપવાની કામગીરી કરી હતી. સંબંધિત વિભાગોની કચેરીઓ દ્વારા ગામમાં જે પણ કાંઈ મિલ્કત આવેલી હોય જેવી કે ગામ તળાવ, ચેકડેમ, કેનાલ, સ્ટ્રીટ લાઈટ, અન્ય બાંધકામો વગેરેની સાફ સફાઈ તથા જરૂરી મેન્?ટેન્?સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વધુમાં આ કાર્યક્રમ દરમિયાન સંબંધિત લાઈન ડીપાર્ટમેન્?ટના અધિકારીશ્રી દ્વારા સરકારી કચેરીની ઓડીટ અંતર્ગત તપાસણી, સંબંધિત કામોની ગુણવત્તાની ચકાસણી જેવા કામો હાથ ધરવામાંઆવ્યા હતા. સંતૃપ્તિ પહેલ અન્વયે રાત્રિસભાના આયોજન પૂર્વે જ ગામજનોના પ્રશ્નોનું નિવારણ આવે તે દિશામાં કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી હતી. રાત્રિસભા કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોએ વિવિધ મુદ્દે કુલ-૨૩ પ્રશ્નો રજૂ કર્યા હતા. જે પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવાના ઉમદા હેતુથીકલેક્ટરશ્રી દ્વારાસ્થળ ઉપર હાજર રહેલા અમલીકરણ અધિકારીશ્રીઓનેજરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. પ્રશ્નનાનિરાકરણ લાવવાનો યથાર્થ પ્રયત્ન વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સફળતાપૂર્વક ગ્રામજનોની વચ્ચે રહી છેવાડાના માનવીને સરકારશ્રીની યોજનાઓનો ઘરેબેઠા લાભ પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુને ફળીભૂત કરવા અર્થે જિલ્લા કલેક્ટરશ્રીની પ્રેરણાથી વિવિધ લાભો આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંતરાત્રિસભાના કાર્યક્રમ પૂર્વે જ સરકારશ્રીની મહત્વની યોજનાઓ અંતર્ગત? સમાજ સુરક્ષા અંતર્ગતની યોજનામાં કુલ ૦૪, પુરવઠાવિભાગની યોજનાઓ અંતર્ગત કુલ ૨૭તેમજ આધારકાર્ડ અંતર્ગત કુલ ૩૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. આરોગ્યને લગતી યોજનાઓઓ જેવીકે **PMJAY** કાર્ડના કુલ ૬૦૫ તથા આભાકાર્ડ અંતર્ગત ૧૨૧૩ સહિત વિવિધ યોજના અંતર્ગત કુલ૧૩૮૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યોહતો. તથા જિલ્લા આરોગ્યને લગતી યોજનાઓ જેવી કે **NCD CAMP, CBACK FORM** વગેરે યોજનાઓના લાભ આપવામાં આવ્યા હતા. ખેતીવાડીને લગતીયોજનાઓજેવી કે પંપસેટ, ટ્રેક્ટર જેવી વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ ૦૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યોછે. જિલ્લાસમાજ કલ્યાણ વિભાગની યોજનાઓઅંતર્ગત કુલ ૦૧ લાભાર્થીઓને, ,પ્રાથમિક શિક્ષણ વિભાગનીયોજનાઓજેવી કે, શિષ્યવૃતિ,વિદ્યાલક્ષ્મી વગેરે અંતર્ગત કુલ ૪૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આમ કુલ ૨૮૩૧ જેટલા લાભાર્થીઓને વિવિધ સરકારીયોજનાકીય લાભ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેક્ટરશ્રી ના માર્ગદર્શન હેઠળ "સંતૃપ્તિ પહેલ" અંતર્ગત ગ્રામજનોને તેમના દ્વાર સુધી પહોંચીસમગ્ર જિલ્લાવહીવટી તંત્ર દ્વારા ગામની મુલાકાત લઈ ચાર મુખ્ય સ્તંભમાં કામગીરી કરવામાં આવે છે. જેમાં વ્યક્તિગત લાભો, જાહેર મિલકતની જાળવણી, સામાજિક ઓડિટ અને વિવિધ પ્રશ્નોનું નિરાકરણનો સમાવેશ થાય છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિર્દેશકશ્રીઓઝા, પ્રાંત અધિકારી મુંદરા શ્રી ચેતન મિસણ, શ્રી અર્શ હાશ્મી સહિતના અધિકારીશ્રીઓ અનેગ્રામજનો ઉપસ્થિત રહ્યાહતા.

ડાંગ જિલ્લાના સુબિર તાલુકાની વિવિધ શાળાઓમા સઘન સ્વચ્છતા ઝુંબેશ

કમલમ્ન્યુઝ,આહવા
"સ્વચ્છતા હી સેવા"ના સૂત્રને અપનાવીને સમગ્ર રાજ્યમા સઘન સફાઈઅભિયાન શરૂ થયુ છે. જે અંતર્ગત સુબિર તાલુકાના વિવિધ ગામોમાં "સ્વચ્છ ગ્રામ, સુંદર ભારત"ની નેમ સાથે સ્વચ્છતાચાલી રહીછે. અહી તબક્કાવાર આયોજનપૂર્વક વિવિધ વિસ્તારોમાંથી કચરો, ગંદકી દૂર કરીને આ વિસ્તારો સ્વચ્છ અને સુઘડ બનાવવામા આવી રહ્યા છે. સુબિર તાલુકાના વિવિધ ગામો, વિસ્તારોમા સઘન સફાઈ ચાલી રહી છે. જેમા વ્યાપક જનસહયોગ પણ મળી રહ્યો છે. સુબિર તાલુકાના મોખામાળ, કેશબંધ, કિરલી, બીલબારી અને લવચાલી પ્રાથમિક અને હાઈસ્કુલની શાળાઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામા આવ્યુ હતુ. આ સ્વચ્છતા અભિયાનમા શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ અન્ય સ્ટાફે મળીને "સ્વચ્છતા એ જ સેવા"ના સૂત્રને સાર્થક કર્યુ હતુ. આ સાથે નકામો કચરો દૂર કરીને વિવિધવિસ્તારોની કાયાપલટ કરાઈ હતી.

જામનગરમાં સુન્ની મુસ્લિમ જમાત દ્વારા ઝુલુસ

કમલમ્ ન્યુઝ,જામનગર
(ભરત ભોગાયતા)
ઈસ્લામ સંપ્રદાયના મોટા પીર હઝરત શેખ અબ્દુલ કાદિર જીલાની (ર.અ) ની અગિયારમી શરીફ નિમિત્તે સુન્ની મુસ્લિમ જમાતજામનગર દ્વારાએક ઝૂલુસનું આયોજન કરવામાંઆવ્યું હતુ. જે અનેરા ઉત્સાહ-અદબ અને અકિદત અને ઉમંગ સાથે પસાર થયું હતું.

જેમાં હજારો સુન્ની મુસ્લિમ બિરાદરોએ બારગાહે ગૌષિયામાં ખિરાજ અકિદત પેશ કરી હતી. બપોર પછી ૪ કલાકે નારા-એ તકબીર, નારા'નારાએ રિસાલત' તથા ગૌષ કાદામન નહીં છોડેંગેના ઈમાન અફરોઝ નારાઓથી શરૂ થયેલઆ ઝૂલુસનુંરસ્તામાં ઠેર-ઠેર ગરમ દૂધ-ચા, કોફી, બિસ્કીટ, ચોકલેટ, બટટા, ચણા બટટા, ભજીયા, હલવો તેમજ ઠંડુ પાણી વગેરેવિતરણ કરવામાંઆવ્યું હતું. જશ્ને ગૌષિયાના મોકા પર પ્યારા નબીરા પ્યારા રૂહાની ફરઝંદ હઝરત ગૌષે આઝમ પ્રત્યે પોતાની ખિરાજે અકિદત પેશ કરવા સુન્ની મુસ્લિમ આગેવાનો, કમિટીના કાર્યકર્તાઓ સામેલ હતાં. ઈસ્લામનો સૌથી મહત્વપૂર્ણ દિવસો પૈકી ગૌષે આઝમ દસ્તગીરની અગ્યારમી શરીફના પવિત્રતહેવાર નિમિત્તેબપોર પછી ૪ વાગ્યે શરૂ થયેલું આ ઝૂલુસ સાયરપીર ચોક, સઈનાવંડાથી શરૂ થઈહાજીપીર ચોક, ઘાંચીની ખડકી, ગઢની રાંગ, કાલાવડ ગેઈટ રોડ, પાંચ હાટડી, દરબારગઢ, જુમ્મા મસ્જીદ, ટાવર મસ્જીદ, ચાંદી બજારથી પુનઃ દરબારગઢ ચોકમાં મોડી સાંજે સમાપ્ત થયું હતું. જુલુસના સમાપન સમયે મૌલાના મુસ્તાકબાપુ બ્લોચ (હબીબી) તરફથી ગૌષે આઝમ દસ્તગીરની કરામતો અને તેમના પવિત્ર જીવન કાર્યોનું વર્ણન કર્યું હતું. ઝૂલુસમાં જામનગર શહેરની સુન્ની મુસ્લિમ જમાતોમાં કુરેશી જમાત, ખાટકી જમાત, આશીકે-એ રઝા કમિટી, સુન્ની રઝવી કમિટી, એલાન-સી ગ્રુપ વગેરે ૦૫ જમાતો અને કમિટીઓની મિલાદ પાર્ટીઓ દરૂદો સલામ અને મિલાદ શરીફ પઢતા-પઢતા ઝૂલુસમાં સામેલ થયા હતાં. આ ઝૂલુસમાં ઓટોરિક્ષા, છકડોરિક્ષા, ટ્રકટોરસ, મોટરકારો, તથા મોટર સાયકલો તેમજ નાનામોટા ૪૫ વાહનોને શણગારીને સામેલ કરવામાં આવ્યા હતાં. આ રીતે સુન્ની મુસ્લમાનોએ પોતાના વાહનોને શણગારી આ ઝૂલુસમાં સામેલ થયા હતાં. ઝૂલુસ જે રસ્તાઓ પરથી પસાર થયું ત્યાં જશ્ને ગૌષિયાના બેનર અને કટઆઉટ લગાવવામાંઆવ્યા હતાં. તેમજલોકોએ અનેકપ્રકારની ન્યાઝો તકસીમ કરી હતી. સુન્ની મુસ્લિમ જમાતના આગેવાનો તથા ઉલ્માએ કિરામની સદાવતમાં શરૂ થયેલા ઝૂલુસમાં મસ્જીદોના ઈમામ સાહેબો બહોળી સંખ્યામાં સામેલ થયા હતાં. જેમાં મૌલાના મુસ્તાકબાપુ બ્લોચ, મૌલાના અબ્દુલ કાદર આરબ, સૈયદ ઈમ્તીયાઝબાપુ તેમજ સુન્ની જમાતના પ્રમુખ હાજી જુમાભાઈ ખફી, સેક્રેટરી મો.ઈકબાલ બેલીમ, જો.

સેક્રેટરી હાજી મો. સિદિક કુરેશી, જો. સેક્રેટરી અશરફભાઈ ઘોરી, ખુરેશી જમાતના પ્રમુખ ઈકબાલભાઈ ખુરેશી, ખલીયા જમાતના પ્રમુખ હાજી અ. રજાક ખલીફા, તુરીયા જમાતના પ્રમુખ દાઉદભાઈ તુરીયા તેમજ એડવોકેટો યુસુફ કુરેશી, ઈશાક કુરેશી, સલીમભાઈ બ્લોચ તેમજ ડો. ઝાહિદ રાઠોડ, સફીહશન સંઘી, યુનુસભાઈ પેન્ટર, અમીનભાઈ ચોલા, આદમભાઈ નારેજા વગેરે આગેવાનો અને કાર્યકરોઅને હજારોસુન્નીમુસ્લિમ બિરાદરો સામેલ થઈ ખિરાજે અકિદત પેશ કરી હતી. અંતમાં ઝૂલુસમાં સામેલ તમામ સુન્ની મુસ્લિમ બિરાદરોઅને વ્યવસ્થા તંત્ર- પોલીસ તંત્રનો સુન્ની મુસ્લિમ જમાત તરફથી આભાર વ્યક્ત કરવામાંઆવ્યો હતો.

એ.એમ.સી દ્વારા 'સ્વચ્છતા હિ સેવાઅભિયાન' અંતર્ગત મોટેરા, સાબરમતી વોર્ડખાતે આવેલા શાક માર્કેટના એ.એમ.સીના પ્લોટમાં સફાઇ ઝૂંબેશ હાથ ધરવામાં આવી

કમલમ્ ન્યુઝ,
અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશનનાદ્વારા 'સ્વચ્છતાહિ સેવાઅભિયાન' અંતર્ગત મોટેરા, સાબરમતી વોર્ડ ખાતે આવેલા શાક માર્કેટના એ.એમ.સીના પ્લોટમાં સફાઈ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સફાઈ ઝુંબેશના કાર્યક્રમમાંઅમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી, સ્ટેન્ડિંગ કમિટીનાચેરમેન શ્રી, કાઉન્સિલર શ્રીઓ, કેચ ફાઉન્ડેશનના સભ્યો તેમજ આસપાસની સોસાયટીના નગરજનો સહિત ૩૦૦ જેટલા નાગરિકો જોડાયા હતા.

આણંદ જિલ્લા ના વિદ્યાનગર સ્થિત શાસ્ત્રી મેદાન ખાતે ચારુતર વિદ્યા મંડળ યુનિવર્સિટી દ્વારા શરદપૂનમ નિમિત્તે ગરબા મહોત્સવ

કમલમ્ન્યુઝ,બીનાપટેલ
આણંદના વિદ્યાનગરસ્થિત શાસ્ત્રીમેદાન ખાતેચારુતર વિદ્યામંડળ યુનિવર્સીટી દ્વારા આયોજીત શરદ પૂનમ નિમિતે ગરબા મહોત્સવનું આયોજન કરવામાંઆવ્યું હતું. ગરબા મહોત્સવનું દીપપ્રાગટ્ય આણંદ સાંસદ મિતેષભાઈ પટેલ (બકાભાઈ) તથા અન્ય આમંત્રિત મહેમાનો દ્વારા કરી ને ગરબા આરંભ કરાયા હતા. આ પ્રસંગે આણંદ સાંસદ મિતેષભાઈ પટેલ, તથા જિલ્લા પ્રમુખ રાજેશભાઈ પટેલ, પૂર્વ સાંસદ દિલીપભાઈ પટેલ, મહામંત્રી જગતભાઈ પટેલ, સુનિલભાઈ શાહ, સીવીએમ ના પ્રમુખ ભીખુભાઈ પટેલ, એલિકોન કંપનીના એમડી પ્રયાસ્વીનભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, ગુજરાતપ્રદેશના પરિન્દુભાઈ ભગત,જિલ્લા મંત્રી શ્વેતલભાઈપટેલ, મનીષભાઈ પટેલ, મેહુલભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં શિક્ષણ અને મેડિકલ ક્ષેત્રે અનેક સકારાત્મક બદલાવો આવ્યા: મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

અપોલો હોસ્પિટલ-ગાંધીનગર ખાતે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઇન મેડીકલ સાયન્સ દ્વારા "ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ"નું આયોજન

મેડીકલ ક્ષેત્રે દેશના ભવિષ્ય નિર્માણમાં યોગદાન આપી રહેલા તબીબી શિક્ષકોને મુખ્યમંત્રીશ્રીએ પ્રોત્સહિત કર્યા

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અપોલોહોસ્પિટલ-ગાંધીનગરખાતે આયોજિત "ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ"માં મેડીકલ ક્ષેત્રે દેશના ભવિષ્ય નિર્માણમાંયોગદાન આપી રહેલા તબીબીશિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડીકલ સાયન્સ દ્વારા યોજવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ભારતમાં ગત ૯ વર્ષમાં દરેક ક્ષેત્રે સર્વગ્રાહી વિકાસની કાર્યપ્રણાલી વિકસિત થઈ છે, અને પરિણામે આજે શિક્ષણ અને મેડિકલ ક્ષેત્રે દેશમાં અનેક સકારાત્મક બદલાવો આવ્યા છે. શિક્ષણ માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હોય કે દેશભરમાં ૨૨૫ મેડિકલ કોલેજો તથા ૭૦,૦૦૦ મેડિકલ સીટનો વધારો હોય, વડાપ્રધાનશ્રીએ દરેક ક્ષેત્રમાટે પ્રો-પીપલ ગવર્નન્સ સાથે સાથે પ્રો-એક્ટિવપ્રેક્ટિસીસ પર વધારે ભાર આપ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસવ્યક્ત કર્યો કે, આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ ખાસ કરીને મેડિકલ એજ્યુકેશન અને હેલ્થકેર ક્ષેત્રે પ્રો-એક્ટિવ પ્રેક્ટિસિસને પ્રોત્સાહન આપશે. આ પ્રકારના ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ વ્યાવસાયિક વિકાસની સાથો-સાથ વ્યક્તિગતવિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે. આજના ટેકનોલોજીકલ રિવોલ્યુશનના યુગમાં મેડિકલ ક્ષેત્ર પણ દિન-પ્રતિદિન વિકાસ કરી રહ્યું છે. આવા સમયે આ પ્રકારના ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ મેડિકલ ક્ષેત્રે હોલિસ્ટિક એપ્રોચને પ્રોત્સાહન આપવાનું કામ કરશે, તેવો સ્પષ્ટ મત મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ આજે દેશના ખૂણે-ખૂણે સામાન્ય જનતા માટે સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ રહી છે. આયુષમાન ભારત યોજના થકી દેશના કરોડો ગરીબ પરિવારોને આરોગ્ય કવચ પણ પૂરું પડ્યું છે. એટલું જ નહિ, આયુષમાન ભારત અકાઉન્ટ્સ દ્વારા ડિજિટલ હેલ્થ રિકૉર્ડની પણ નવી પહેલ શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે છેવાડાના ગામડાઓ માં પણ મલ્ટીસ્પેશિયલ્ટી હૉસ્પિટલ બનાવવાનું સ્વપ્ન સેવ્યું હતું. તે સ્વપ્ન ટીમ ગુજરાતે સાકાર કર્યું છે. આજે રાજ્યની મલ્ટીસ્પેશિયલ્ટી હૉસ્પિટલો દૂર-દરાજના વિસ્તારોમાં રહેતા નાગરિકોને અદ્યતન આરોગ્ય ઉપચાર સુવિધાઓ પૂરી પાડી રહી છે. કિડની રોગ સંબંધિત ડાયલિસિસ માટે ગુજરાતના દરેક તાલુકામાં ડાયલિસિસ સેન્ટર અને કેન્સર જેવી ભયાવહ બીમારીના ઇલાજ માટે મહત્વપૂર્ણ કીમોથેરેપીની સુવિધા માટે જિલ્લા મથકે જ કીમોથેરેપી કેન્દ્રો શરૂ કરાયા છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ગુજરાતે તબીબી શિક્ષણને ખૂબ જ મહત્વ આપતા મેડિકલ કોલેજો અને મેડિકલ સીટોમાં પણ સતત વધારો કર્યો છે. આજે ગુજરાતમાં એઈમ્સ અને બીજી હૉસ્પિટલો મળી કુલ ૪૦ મેડિકલ કોલેજ કાર્યરત છે. આ કોલેજોમાં અભ્યાસ કરીને દર વર્ષે ૭૦૦૦થી વધુ ડોક્ટર રાજ્યના તબીબી ક્ષેત્રે સેવામાં જોડાય છે, તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. આ કાર્યક્રમમાં નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઈન મેડીકલ સાયન્સના અધ્યક્ષ શ્રી અભિજાત શેઠ, એક્ઝીક્યુટીવ ડીરેક્ટર પ્રો. મીનુ બાજપાઈ, અપોલો હોસ્પિટલના ચીફ ઓપરેટીંગ ઓફિસર શ્રી નીરજ લાલ સહિત તબીબી ક્ષેત્રે કાર્યરત મહાનુભાવો અને ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ જિલ્લા માં વિકાસ ના પ્રત્યેક કાર્ય માં અગ્રેસર આણંદ સાંસદ મિતેષભાઈ પટેલ

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

આંકલાવ તાલુકાના મૂજકૂવા મુકામે રમણભાઈ નાનાભાઈ પઢિયાર ના ઘરે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો મન કીબાત કાર્યક્રમ નિહાળ્યો હતો. સાથે આ વિસ્તારમાં સી.સી રસ્તા તથા કાશીપુરા મુજપરા ની માતાજીવિસ્તાર અને રામાભાઈ શનાભાઈ પઢિયાર વિસ્તારનો સી.સી રસ્તાનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, અમુલ ડિરેક્ટર ગુલાબસિંહ પઢિયાર, જિલ્લા ઉપપ્રમુખશ્રી દિનેશભાઈ પઢિયાર, મહામંત્રીશ્રી અલ્પેશભાઈ પટેલ તથા ગણપતસિંહ પઢિયાર, પૂર્વ પ્રમુખશ્રી લક્ષ્મણસિંહ જાદવ, પૂર્વ તાલુકા પંચાયત સભ્ય શ્રી ડાહ્યાભાઈ પઢિયાર, દુધ મંડળી ચેરમેનશ્રી મનુભાઈ પઢિયાર, શ્રી દિલીપભાઈ પઢિયાર તથા કાર્યકર શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો 'મન કી બાત' નો કાર્યક્રમ આંકલાવ વિધાનસભાના મુજકુંવા ગામે બુથ નંબર ૨ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબનો 'મન કી બાત'નો કાર્યક્રમ આંકલાવ વિધાનસભાના મુજકુંવા ગામે બુથ નંબર ૨ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આણંદ સાંસદ મિતેષભાઈ પટેલ, અમૂલ ડેરીના ડિરેક્ટર અને આંકલાવ વિધાનસભાના ઉમેદવાર શ્રી ગુલસિંહ પઢિયાર, આંકલાવ તાલુકા મહામંત્રીશ્રી અલ્પેશભાઈ પટેલ, ગણપતસિંહ પઢિયાર, જિલ્લા ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ બક્ષીપંચ મોરચા ના ઉપપ્રમુખ લક્ષ્મણસિંહ જાદવ સહિત મોટી સંખ્યામાં ગામના આગેવાનશ્રીઓ, વડીલશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને નિહાળ્યો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસોના લોકાર્પણ

કમલમ્ ન્યુઝ,

ગુજરાત રાજયના માન. મંત્રી નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી કનુભાઈ દેસાઈના વરદહસ્તે શહેરીજનોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અંદાજિત રૂ.૭૮.૭૧ કરોડના ખર્ચે સાકારિત કુલ-1060 EWS-II ટાઈપના આવાસોના લોકાર્પણ તથા અંદાજિત રૂ. ૭૩.૧૮ કરોડના ખર્ચે સાકારિત કુલ-1498 EWS-II ટાઈપના ૦૩ (ત્રણ) સાઈટ સ્કીમ કોડ નં. ૪૦,૫૩ ,૫૫) આવાસોનો કોમ્પ્યુટરાઇઝડ ડ્રો અન્વયેનો કાર્યક્રમ ટી.પી.નં.૨૪ , એફ.પી.નં.૧૮૪ , એસ.એમ.સી.પાર્ટી પ્લોટ , એબીસી સર્કલ પાસે ,સર્જન બંગ્લોઝ સામે, મોટાવરાછા, સુરત ખાતે યોજાયેલ. ઉપસ્થિત તમામ મંચસ્થ મહાનુભવોનું મોમેન્ટો અને પુષ્પ ધ્વારા સ્વાગત કરવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.મેયર શ્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગુજરાતમાં સુરત શહેર અન્ય રાજયોની સરખામણીમાં સૌથી આગળ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ૨૯૮૭૯ જેટલા આવાસો મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી ૨૪૪૮૨ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને અન્ય આવાસોની કામગીરી પ્રગતિ હેઠળ છે. આગામી વિક્રમ સંવત ૨૦૮૦માં સદર યોજનાના લાભાર્થીઓને ઘરનું સ્વપ્ન સાકાર થાય અને દિવાળી પહેલા આ પરિવારોના ઘર મળવા બદલ અભિનંદન પાઠવું છુ. આ કાર્યક્રમ પ્રસંગે ગુજરાત રાજયના માન. મંત્રી વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા શ્રી મુકેશભાઈ પટેલે તેમના ઉદબોધનમાં જણાવ્યું કે તમામ ગરીબ વર્ગના લોકોનું પોતાના ઘરનું શમણું સાકાર થાય તે માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંકલ્પબધ્ધ છે. મોટા વરાછા વિસ્તાર એ સિટીલાઈટ પછી સૌથી સારો વિકસિત વિસ્તાર છે. આયુષ્યમાન કાર્ડની સહાયની મર્યાદા રૂ. ૫ લાખથી વધારી રૂ ૧૦ લાખ કરવામાં આવીછે. સુરત શહેરના અવિરત વિકાસકાર્યોની કામગીરી અન્વયે જરૂરી ગ્રાંટ ફાળવવા બદલ માન. મંત્રી નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ માન. મંત્રી નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી કનુભાઈ દેસાઈના વરદહસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સાકારિત થયેલ આવાસની ડીજીટલ તકતીની અનાવરણ વિધિ, કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સાકારિત થયેલ આવાસોની ફિલ્મનું નિદર્શન કરવામાં આવેલ. આ કાર્યક્રમ પ્રસંગે ગુજરાત રાજયના માન. મંત્રી નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ શ્રી કનુભાઈ દેસાઈએ તેમના ઉદબોધનમાં જણાવ્યું કે સુરત દુનિયાનું સૌથી વિકસતુ શહેર છે. ટેક્ષટાઈલ અને ડાયમંડ અને વિવિધ ઉધોગ ક્ષેત્રે સુરત અગ્રેસર છે. આ ઉધોગોમાં રોજગારી અર્થે દેશના વિવિધ રાજયોઅને શહેરમાંથી લોકો આવે છે. આ પરપ્રાંતિયો અને ગુજરાતના સ્લમ વિસ્તારના લોકોનો રહેઠાંણ મળી રહે તે અર્થે પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી ગૃહ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. દિવાળી પહેલા જે લોકોને આ આવાસોનો લાભ મળી રહયો છે, તે તમામને અભિનંદન પાઠવ્યા તેમજ આયોજનના કારણે શહેરમાં સ્લમ વિસ્તારનું પ્રમાણ ઘટી રહયું છે એમ જણાવ્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહાનુભવો ધ્વારા પ્રધાનમંત્રી આવાસોના લાભાર્થીઓને ચાવી અર્પણવિધિ કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન. ધારાસભ્ય શ્રી સંદિપભાઈ દેસાઈ, માન.ડે.મેયર ડૉ.નરેન્દ્ર એસ.પાટીલ, માન. અધ્યક્ષ, સ્થાયી સમિતિ શ્રી રાજન બી. પટેલ, માન. કમિશનર શ્રીમતી શાલીની અગ્રવાલ ,માન.નેતા ,શાસકપક્ષ શ્રીમતી શશીબેન ડી. ત્રીપાઠી, માન.દંડક, શાસકપક્ષ શ્રી ધર્મેશ આર. વાણીયાવાલા, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ સદસ્યશ્રીઓ, મિડીયાના મિત્રો તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ-૬) ના કોમ્પ્યુટરાઇઝડ ડ્રોનું પરિણામ લાભાર્થીના રજીસ્ટર મોબાઈલ નંબર ઉપર તા.૨૮/૧૦/૨૦૨૩ના રોજ એસ.એમ.એસ. ધ્વારા જણાવવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ-૬) ના પરિણામ જાણવા તા. ૩૦/૧૦/૨૦૨૩ ના બપોરે ૧૨.૦૦ વાગ્યા પછી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપર પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ-૬) નો આઇકોન આવસે જયાં કિલક કરી અરજી ફોર્મ નંબર લખી લાભાર્થી પોતાનું પરિણામ જાણી શકશે તેમજ તેજ લીંક પરથી કોમ્પ્યુટરાઇઝડ ડ્રોમાં સફળ થયેલ લાભાર્થીઓ તા.૦૧/૧૧/૨૦૨૩ ના રોજથી ફાળવણી પત્ર ઓળખકાર્ડ તથા સ્વ ઘોષણા પત્ર (ત્રણ પાના) ડાઉનલોડ કરી પ્રિન્ટ આઉટ કાઢી શકશે અથવા એફોર્ડેબલ હાઉસીંગ સેલની કચેરી વરિયાવી બજાર પોલીસ ચોકની સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત ખાતેથી મેળવી શકાશે.

ઝઘડિયા તાલુકાના વિવિધ રસ્તાઓ નું ધારાસભ્ય રીતેષવસાવા નાં વરદ હસ્તે ખાતમુહૂર્ત

સમગ્ર વિસ્તારમાં આનંદ ની લાગણી ફેલાઈ

કમલમ્ ન્યુઝ,

ઝઘડિયા વિધાનસભા નાં માનનીય ધારાસભ્ય શ્રી રીતેષવસાવા સાહેબ નાં વરદ હસ્તે રાયસિંગપુરા તથા બામલ્લા ગામે ખાતે રસ્તા નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું પ્રાપ્ત માહિતી અનુસાર ધારાસભ્ય રીતેષવસાવા હંમેશા પ્રજા નાં પ્રશ્નોનો ઉઠાવતાં રહ્યા છે અને હંમેશા લોકો સેવા પરમો ધર્મ નાં વાક્ય ને સાર્થક બનાવે છે રોડ રસ્તા ના જટીલ પ્રશ્નનો નો ઉકેલ લવાવાન કારણે સમગ્ર ઝઘડિયા તાલુકા માં આનંદ ની લાગણી ફેલાઈ જવા પામી છે જેમાં આજરોજ ધારાસભ્ય શ્રી રીતેષવસાવા જોડે ઝઘડિયા તાલુકા પંચાયત નાં માજી ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ દેસાઈ રાયસિંગપુરા નાં સરપંચ શ્રી ગજરીબેન તથા બામલ્લા નાં સરપંચ શ્રી નગીનભાઈ વસાવા તથા કાર્યકર્તાઓ આગેવાનો સરપંચ શ્રીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા

સાબરકાંઠા જિલ્લામાં ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન યોજાઇ

નાગરીકોમાં ચાલવાની અને દોડવાની ટેવ કેળવવાના ઉદ્દેશ સાથે ફિટ ઇન્ડિયા ફ્રીડમ રન યોજાઇ

કમલમ્ ન્યુઝ,ઇકબાલમેમણ

સાબરકાંઠાના સાબર સ્પોર્ટ્સ સ્ટેડિયમ હિંમતનગર ખાતે નગરપાલિકા પ્રમુખ શ્રી વિમલ ઉપાધ્યાયની અધ્યક્ષતામાં ફિટ ઈન્ડિયા ફ્રીડમ રનને લીલી ઝંડી આપી દોડની શરૂ કરવામાં આવી હતી. ભારત સરકાર ખેલ વિભાગ યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા ફિટ ઈન્ડિયા ફ્રીડમ રનની શરૂઆત કરવામાંઆવી છે. આ રનનો ઉદ્દેશ દેશના નાગરિકોમાં સ્વાસ્થ્ય પ્રતિ જાગૃતિ આવે, ચાલવાની દોડવાની ટેવ કેળવી નાગરિકો સારુ સ્વાસ્થ્ય મેળવી શકે તે છે. જેના ભાગરૂપે સાબર સપોર્ટ સ્ટેડિયમ હિંમતનગર દ્વારા ફીટ ઈન્ડિયા મુવમેન્ટ હેઠળ દોડનું આયોજન કરાયું હતું. જેમાં સ્ટેડિયમના ખેલાડી તેમજ શાળા ના બાળકો શિક્ષકો જોડાયા હતા.

પ્રાકૃતિક કૃષિ જનઅભિયાનમાં માતૃશક્તિને જોડીને ગુજરાત નવી ક્રાંતિ કરશે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

ગુજરાતના મહેનતુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી સમગ્ર દેશ માટે પ્રેરણાસ્ત્રોત બને

ખેતી અને ખેડુતોની સમૃધ્ધિ સાથે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા રાજ્યપાલશ્રીનો અનુરોધ

કમલમ્ ન્યુઝ,નવસારી,

ગુજરાતની મહિલાઓએ પશુપાલન અને સહકારી પ્રવૃત્તિ દ્વારા પોતાના શક્તિ-સામર્થ્યને સિધ્ધ કરી દેખાડ્યું છે, ત્યારે પ્રાકૃતિક કૃષિના જનઆંદોલનમાં માતૃશક્તિને જોડીને ગુજરાત રાજ્ય નવી ક્રાંતિ કરશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ટાટા મેમોરીયલ હોલ, નવસારી ખાતે પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલનમાં ઉપસ્થિત રહીને નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાની કૃષક મહિલાઓ સાથે સીધો સંવાદ કરતાં કહ્યું હતું કે, ખેતી અને ખેડુતોની સમૃધ્ધિ સાથે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવી આવશ્યક છે. પ્રાકૃતિક ખેતી કરી રહેલા ખેડૂતો અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત બને તેવો અનુરોધ કરી તેમણે કહ્યું કે, ગુજરાતના મહેનતુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરીને દેશ માટે પ્રેરણાસ્ત્રોત બનશે. ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ (કેમ્પ-આણંદ), વલસાડ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિમિટેડ, આલીપોર (વસુધારા) અને નેશનલ કાઉન્સિલ ફોર કલાયમેન્ટ ચેન્જ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશીપ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજીત પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલનને સંબોધતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડુતો સમૃધ્ધ બને અને ખેતી આત્મનિર્ભર બને તે માટે અનેકવિધ પગલાં લીધાં છે. એટલું જ નહીં તેમણે પ્રાકૃતિક કૃષિ અપનાવવા દેશભરના ખેડુતોને આહ્વાન કર્યું છે.આજે આખુ વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી ત્રસ્ત છે. તેમ જણાવી રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ હતું કે, નિષ્ણાંતો માની રહ્યા છે કે, ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પાછળ રાસાયણિક કૃષિનો મોટો ફાળો છે. પ્રાકૃતિક કૃષિને કારણે રાસાયણિક ખાતરનો ઉપયોગ ઓછો થશે પરિણામે સબસીડી પાછળ ખર્ચાતા નાણાંની બચત થશે. જંગલમાં વૃક્ષો અને વનસ્પતિમાં કોઈ ખાતર કે જંતુનાશકો આપવામાં આવતા નથી છતાં તેમના વૃદ્ધિ-વિકાસ થાય છે, જંગલમાં જે પ્રાકૃતિક નિયમોથી વૃક્ષ, વનસ્પતિનો વિકાસ થાય છે તે જ રીતે ખેતરમાં ખેતી કરવામાં આવે તે જ પ્રાકૃતિક કૃષિ છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતોની સમૃધ્ધિ માટે આશીર્વાદરૂપ જણાવી આ કૃષિ પધ્ધતિના સિધ્ધાંતો વિશે સમજ આપતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયના છાણ અને ગૌ-મૂત્રનો ઉપયોગ મહત્વનો છે, કારણ કે દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણુ હોય છે. ગૌ-મૂત્ર ખનીજોનો ભંડાર છે. જેના ભાગરૂપે બનતા બીજામૃતથી બીજને સંસ્કારિત કરવામાં આવેછે. દેશી ગાયના છાણ, ગૌ-મૂત્ર, દાળનું બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત– ઘન જીવામૃત રૂપે કલ્ચર તૈયાર કરવામાં આવેછે. જે પ્રાકૃતિક ખાતર જેવું કાર્ય કરે છે. આ પધ્ધતિમાં કૃષિ અવશેષોથી જમીનને ઢાંકવાની- મલ્ચીંગ પધ્ધતિનું પણ મહત્વ છે. મલ્ચીંગથી જમીનનું ઉંચા તાપમાન સામે રક્ષણ થાય છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે. જેથી આ પધ્ધતિમાં પાણીની પચાસ ટકા જેટલી બચત થાય છે. જમીનને ઢાંકવાથી અળસિયાં જેવા મિત્ર જીવોને દિવસ દરમિયાન કાર્ય કરવાનું વાતાવરણ મળે છે. પૃથ્વી અને આકાશનાં ઓર્ગેનિક કાર્બનનું સંતુલન જાળવી, ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાથી વિશ્વના તમામ જીવોનુ રક્ષણ કરી શકાય છે. રાસાયણિક કૃષિમાં ખર્ચ સતત વધતો રહ્યો અને ઉત્પાદન ઘટવાના કારણે ખેડુતોની આર્થિક સ્થિતિ નબળી પડી છે. રાજ્યપાલશ્રીએ રાસાયણિક કૃષિના દુષ્પ્રકરિણામોથી મુક્તિ મેળવવાના મજબૂત વિકલ્પ તરીકે પ્રાકૃતિક કૃષિને ગણાવી ઉપસ્થિત મહિલા ખેડુતોને ખેતીમાં વપરાતા રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોને તિલાંજલિ આપવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા સંકલ્પ લેવડાવ્યા હતા.ભાવિ પેઢીને શુદ્ધ હવા, પાણી, જમીન, અને આબોહવા આપવા સાથે સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી આપવાનું પવિત્ર યજ્ઞકાર્ય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો કરી રહ્યા છે. રસાયણોનો ત્યાગ કરીને સંપૂર્ણ ઝેરમુક્ત ખેતી કરવાનું આહ્વાન પણ રાજ્યપાલશ્રીએ કર્યુ હતું. ગુજરાતમાં સાડા આઠ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયાં છે, તેનો ઉલ્લેખ કરી રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના પ્રોત્સાહક પ્રયત્નોને કારણે ગુજરાતના પ્રાકૃતિક કૃષિ જનઆંદોલનને નવું બળ મળ્યું છે.કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલશ્રીના વરદ હસ્તે મહિલાઓનું સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરેશભાઈ દેસાઈ, જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ,જિલ્લા વિકાસ અધિકાર શ્રી પુષ્પલતા, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેર ડૉ. સી. કે. ટીમ્બડીયા, નવસારી કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેર કુલપતિ ડૉ. ઝેડ. પી. પટેલ, રાજ્ય સંયોજક શ્રી પ્રફુલભાઈ સેંજલીયા,ડૉ. એ.આર. પાઠક, પુર્વકુલપતિ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, ડૉ. કીરીટ શેલત, વસુધારા ડેરીના પ્રમુખ શ્રી ગમનભાઈ પટેલ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

નવસારીમાં પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલનમાં માર્ગદર્શન આપતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

આણંદ સ્થિત રઘુકુલ બિલડર્સ દ્વારા પોતાના નવા સોપાન રઘુકુલ પરિસર-૩ ના શુભારંભ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલે ઉપસ્થિત રહી શુભકામનાઓ પાઠવી હતી.સાથે આણંદ નગરપાલિકા પ્રમુખશ્રી જીગ્નેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મેઘરજ શ્રી પી સી એન હાઈસ્કૂલ માં પૂનમના ગરબા ના તાલે વિદ્યાર્થી ઓ તથા શિક્ષકો એ માતાજી ની આરાધના કરી

કમલમ્ ન્યુઝ,અમિત ઉપાધ્યાય

શ્રી મેઘરજ કેળવણી મંડળ સંચાલિત શ્રી પી .સી. એન.હાઈ. મેઘરજ માં વિદ્યાર્થીઓના ઉત્સાહ ને લીધે પૂનમ ના દિવસે ગરબા મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી .જેમાં વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા કેળવણી મંડળના મંત્રી કૃષ્ણજીવણભાઈ દોશી, ઉપ પ્રમુખ જીતેન્દ્ર ભાઈ ઉપાધ્યાય ,સહ મંત્રી મિનેશભાઈ શાહ, મેઘરજ એપીએમસી ના ચેરમેન ભીખાજી ડામોર, મેઘરજ ના પી.એસ.આઇ વી.જે.તોમર તથા મેઘરજ નાગરિક બેંક ના ચેરમેન અશોકભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. શાળા ના ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સંગીત ના તાલે મનમૂકીને ગરબા રમ્યા હતા.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય શ્રી સંજયભાઈ જોશી, જીગર ભાઈ જોશી, બાબુભાઈ પ્રિયદર્શી, આર. ડી. વાણિયા મુકેશભાઈ પટેલ,જે. વી . પંચાલ વિશ્વનાથ પંડ્યા એ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં વિધાર્થીઓ અને મહેમાનો માટે અલ્પાહરનું આયોજન શ્રી અશોકભાઈ ગાંધી, શ્રી જીગરભાઈ જોશી અને શ્રીજયેશભાઈ પટેલ (વાસણા) દ્વારા કરવામાં આવ્યુ હતું.

વડોદરા જિલ્લાના ગામડાંઓમાં ધાર્મિક સ્થળો સહિત અવિકસિત વિસ્તારોની સાફ સફાઈ કરવામાં આવી

વડોદરા જિલ્લામાં ગ્રામજનોના સહયોગથી સ્વચ્છતા અભિયાન વધુ વેગવંતુ બન્યું

કમલમ્ ન્યુઝ,વડોદરા,

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અભિયાનના હેઠળ સ્વચ્છ ગુજરાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.જેના ભાગરૂપે વડોદરામાં જિલ્લા અને તાલુકા કક્ષાએ સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે.જેના ભાગરૂપે રવિવારના રોજ વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ધાર્મિક સ્થળો, પ્રવાસન સ્થળો સહિત વિવિધ અવિકસિત વિસ્તારોની સાફ સફાઈ કરવામાં આવી હતી. વડોદરા જિલ્લામાં ગ્રામજનોના સહયોગથી સ્વચ્છતા અભિયાન વધુ વેગવંતુ બન્યું છે. ડભોઈ તાલુકાના કાયાવરોહણ અને કરજણ તાલુકાના નારેશ્વરમાં આવેલા ધાર્મિક સ્થાનોની પણ ગ્રામજનોના સહયોગથી સફાઈ કરવામાં આવી હતી.રવિવારે કરજણ તાલુકાના ઓસવાલ, દેલવાડા, પાદરા તાલુકાના મુવાલ, શિનોરના દમાપુરા, વાઘોડિયાના આમોદ, ડેસર તાલુકાના હિંમતપુરા, લીમડી, વેજલપુર, ઈટવાડા, કડછલા, ઉદલપુર, વરસડા, રાજપુર, વાલાવાવ, વાંકાનેર પાંડુ, છાણિયેલ, સાપિયા, વાવ પ્રતાપપુરા, જાંબુ ગોરલ, જેસર ગોપરી અને સિહોરા સહિત વડોદરા, સાવલી અને ડભોઈ તાલુકામાં વિવિધ ગામડાઓમાં આવેલા વિવિધ વિસ્તારોની ગ્રામજનોની સક્રિય ભાગીદારીથી સાફ સફાઈ કરવામાં આવી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મન કી બાત કાર્યક્રમ યોજાયો : નર્મદા જિલ્લા ના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

કમલમ્ ન્યુઝ,શૈશવ રાવ

ઉલ્લેખનીય છે કે દર મહિનાના છેલ્લા ૨ દેવિવારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી મન કી બાતના કાર્યક્રમના માધ્યમથી દેશવાસીઓ સાથે સંબોધન કરતા હોય છે આ કાર્યક્રમ દરમિયાન વિવિધ મુદ્દાઓ પણ ચર્ચા કરવામાં આવેછે આ મન કી બાત કાર્યક્રમને વિવિધ વિસ્તારોમાં લોકો ધ્યાનપૂર્વક સાંભળતા હોય છે આ કાર્યક્રમ ને નિહાળવા માટે આજ રોજ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું આજના આએપિસોડ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સૌ કાર્યકર્તાઓ એકત્રિત થઈને પ્રધાનમંત્રીજીના મન કી બાત કાર્યક્રમ ને નિહાળ્યું હતું આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીજીએ ખાસ કરીને ખાદીના કપડાનો ઉપયોગ કરવા ઉપર ભાર મૂકયો હતો સાથેજ હાલ મારી મિટ્ટી મારો દેશ કાર્યક્રમ કરવામાં આવ્યો ને ગુજરાત ના અંબાજી મંદિર ને ગબરના પહાડ પર જે મૂર્તિઓ વિશેપણ કહીયું હતું તે કાર્યક્રમ વિસગે ચર્ચા કરી હતી તે ઉપરાંત અનેક મુદ્દાઓ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ચર્ચા કરી હતી આ કાર્યક્રમ દરમિયાન સાંસદ ગીતાબહેબ રાઠવા. ધારાસભ્ય ડો દર્શનાબહેન દેશમુખ. જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ. જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગભાઈ તડવી. પૂર્વમંત્રી શબ્દસરણ તડવી.જિલ્લા મહામંત્રી નિલભાઈ રાવ સહિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

અમદાવાદના બાપુનગર ખાતે ’આયુર્વેદ ફોર વન હેલ્થ’ અને ‘હર દિન હર કિસી કે લિયે’ આયુર્વેદ અભિયાન અંતર્ગત આયુષ મેળાનું આયોજન

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામક શ્રી આયુષના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુષ તંત્ર, અમદાવાદ દ્વારા આયોજિત કરવામાં આવેલો આયુષ મેળો

રાષ્ટ્રીય આયુર્વેદ દિવસે યોજાયેલા આયુષ મેળામાં યોગ નિદર્શન, અગ્નિકર્મ, સર્વ રોગ નિદાન કેમ્પ, પ્રકૃતિ પરીક્ષણ, હોમિયોપેથી કેમ્પ, આંગણા/ રસોડાની ઔષધી પ્રદર્શન, મીલેટ પ્રદર્શન જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા ખાતે ’આયુર્વેદ ફોર વન હેલ્થ’ અને ’હર દિન હર કિસી કે લિયે’ આયુર્વેદ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામક શ્રી આયુષના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુષ તંત્ર, અમદાવાદ દ્વારા ૨૮ ઓક્ટોબર, રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ૨૦૨૩ના સંદર્ભે ઇન્દુલાલ યાજ્ઞિક હોલ બાપુનગર ખાતે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્યશ્રી દ્વારા ઉદ્દઘાટન કર્યા બાદ આ આયુષ મેળામાં બાળકો માટે સુવર્ણપ્રાસન, યોગ નિદર્શન, અગ્નિકર્મ, જાલંધર બંધથી દંતોતપાટન, પંચકર્મ લાઈવ નિદર્શન, જનરલ ઓપીડી, સર્વ રોગનિદાન કેમ્પ, પ્રકૃતિ પરીક્ષણ, હોમિયોપેથી કેમ્પ, આંગણા/ રસોડાની ઔષધી પ્રદર્શન, મીલેટ પ્રદર્શન, સ્વસ્થવૃત્ત/સદવૃતપ્રદર્શન વગેરે પ્રવૃત્તિઓનું નિદર્શન કરવામાં આવી હતી. સૌ જાહેર જનતાએ બહોળા પ્રમાણમાં આ આયુષ મેળાનો લાભ લીધો હતો. આયુષ મેળામાં ૩૭૫ આયુર્વેદ ઓપીડી લાભાર્થી ૩૭૫, ૧૪૨ હોમિયોપેથી ઓપીડી લાભાર્થી, ૧૧૬ પંચકર્મ લાભાર્થી, ૭૨ દંત રોગ લાભાર્થી, ૩૬ બાલ રોગ લાભાર્થી, ૪૭ સ્ત્રી રોગ લાભાર્થી, ૭૨ ડાયાબિટીસ ચેકઅપ લાભાર્થી, ૪૯ અગ્નિકર્મ લાભાર્થી, ૧૫૧ સુવર્ણ, પ્રાસન લાભાર્થી, ૧૫૭૦ આયુષ પ્રદર્શન લાભાર્થીઓએ ભાગલીધો હતો. ઉપરોક્ત આયુષ મેળામાં બાપુનગરના ધારાસભ્ય શ્રી દિનેશભાઈ કુશવાહ, ઠક્કરબાપાનગરના ધારાસભ્ય શ્રીમતી કંચનબહેન રાદડિયા, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવે, નાયબ સચિવ આરોગ્ય શ્રી ધવલભાઈ શાહ,નિયામક આયુષ શ્રી વૈધ હર્ષિતભાઈ શાહે હાજરી આપી હતી.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028